# ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

## અમદાવાદ શહેર

## પ્રેસનોટ

### ફોર વ્હિલ ગાડીની ચોરી કરતી તથા ગાડીમાલીકોને વિશ્ર્વાસમાં લઇ ઉંચુ ભાડુ આપવાની લાલચ આપી છેતરપીડી કરતા ગેંગને પકડી પાડતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિ.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિ.સાશ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સાહેબ તથા એ.સી.પી શ્રી ઇ ડીવીજન સાહેબ તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સાહેબ તથા સ્ટાફના માણસો ગા.હવેલી પો.સ્ટેશન વિસ્તારમા સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન વાહન ચેકીંગ દરમ્યાન આરોપી નામે રમેશભાઇ બળદેવભાઇ પટેલ ઉ.વ.૪૮ ધંધો.ડ્રાયવીંગ રહે. મ.નં.સી/૨, બિનોરી એપાર્ટમેન્ટ, શરીતા સ્કુલની સામે, વેજલપુર, અમદાવાદ શહેર, તથા મુળ વતન. મહાદેવવાળો વાસ, ગામ- મહમદપુરા, તા.જી.અમદાવાદ વાળાને એક ફોર વ્હિલ ગાડી જે RENAULT કંપનીની SCALA મોડલની જેનો R.T.O નંબર-GJ-01-RC-6334 જેની કિ,રૂ,૩,૭૦,000/- ની મતાની સાથે પકડેલ હોય જેથી સ્ટે.ડા.નં-૧૭/૨૦૧૯ CRPC કલમ -૪૧(૧),ડી મુજબ કબ્જે કરેલ તેમજ ગા.હવેલી પો.સ્ટે ફ.ગુ.ર.નં-૧૧૭/૧૯ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના ગુન્હાના કામે ચોરીમા ગયેલ ઇકો ગાડી જેનો R.T.O નં-GJ-01-KV-4718 ની જેની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- ની મતાની ગણી કબ્જે કરેલ હોય અને સદરી લોકોને વિશ્ર્વાસમાં લઇ તેઓની ગાડીઓ ભાડે રાખવાની વાત કરી કરાર કરી આપી પહેલા મહીનાનુ ભાડુ ચુકવી ગાડી લઇ જઇ અલગ અલગ જગ્યાએ ફેરવી ડુપ્લીકેટ ચાવી બનાવી લઇ ગાડી મુળ માલીકને પરત આપી ચોરી કરવાની અથવા તો ગાડી ગીરે મુકવાની ટેવવાળો છે તથા નં-(૨) ગા.હવેલી પો.સ્ટે. સ્ટે.ડા.નં-૨૧/૨૦૧૯ CRPC કલમ -૪૧(૧),ડી મુજબના કામે અટક કરેલ આરોપી નામે હરદીપસીહ બટુકસીહ સીસોદીયા ઉ.વ.૩૭ ધંધો.જમીન ની દલાલી રહે. ગુરૂનાનક સોસાયટી, કોલટ રોડ, પોલીસ લાઇનની સામે, સાણંદ અમદાવાદ વાળાને એક ફોર વ્હિલ ગાડી જેનો R.T.O નંબર-GJ-04-BE-5008 ની જેની કિ.રૂ. ૪,૫૦,૦૦૦/- ની મતા સાથે પકડેલ હોય તેમજ ઉપરોકત બતાવેલ આરોપી રમેશભાઇ નાઓએ જે લોકોને વિશ્ર્વાસમાં લઇ તેઓની ગાડીઓ ભાડે રાખેલ હોય જે ગાડીઓ અલગ અલગ જગ્યાએ મુકવવા તથા ગીરવે અપાવી તેની મદદ કરવાની ટેવવાળો છે જે ઉપરોકત આરોપીઓને અટક કરી સદરી બન્ને આરોપીઓ પાસેથી 0૩ ફોર વ્હિલ ગાડી જેની કુલ્લે કિ.રૂ. ૧૧,૨૦,000/- ની મતાનો મુદામાલ કબ્જે કરી સદરી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

